દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

બુધવાર ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬

# બાળકોને સુવિધાયુક્ત સ્થિતિમાં શિક્ષણ આપવાની દિશામાં હજી ઘણુ કરવાનું બાકી છે

આપણા દેશની શાળાઓમાં, ખાસ કરીને સરકાર સંચાલિત અને તેમાં પણ ગ્રામ્ય વિસ્તારોની શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ અને બાળકો માટે શિક્ષણ મેળવવા માટેની નબળી વ્યવસ્થાઓ એ લાંબા સમયથી ચર્ચાતો રહેલો વિષય છે. હાલમાં યુએનની બે એજન્સીઓના એક સંયુક્ત અહેવાલમાં આ જ વાતનો પડઘો પડ્યો છે. WHO-UNICEF ના જોઈન્ટ મોનિટરિંગ પ્રોગ્રામ( JMP ) ના અહેવાલ મુજબ, વિશ્વમાં શાળાઓમાં શૌચાલય અને સ્વચ્છતા સેવાઓથી વંચિત બાળકોમાંથી લગભગ પાંચમા ભાગના એટલે કે ૨૦ ટકા બાળકો ભારતમાં છે, અને આ સંખ્યા વિશ્વના અન્ય કોઇ પણ દેશના વંચિત બાળકોની સંખ્યા કરતા મોટી સંખ્યા છે. “પ્રોગ્રેસ ઓન ડ્રિન્કિંગ વોટર, સેનિટેશન એન્ડ હાઇજીન ઇન સ્કૂલ્સ 2015-2025” નામના આ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે ૨૦૨૫માં વિશ્વમાં શાળાઓમાં સ્વચ્છતા સેવાઓથી વંચિત ૨૪૪ મિલિયન બાળકોમાંથી ૫૦ મિલિયન( ૫ કરોડ ) બાળકો ભારતના હતા.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન( WHO ) અને સંયુક્ત રાષ્ટ્ર બાળ ભંડોળ( UNICEF )નો સંયુક્ત મોનિટરિંગ પ્રોગ્રામ પીવાના પાણી, સ્વચ્છતા અને હાઇજીન પર આંતરરાષ્ટ્રીય સ્તરે તુલનાત્મક પ્રગતિના અંદાજો તૈયાર કરે છે અને WASH સંબંધિત ટકાઉ વિકાસ લક્ષ્યાંકો( SDG )ના વૈશ્વિક દેખરેખ માટે જવાબદાર છે. ટકાઉ વિકાસ માટેના ૨૦૩૦ એજન્ડામાં પાણી, સ્વચ્છતા અને શિક્ષણ માટેના વૈશ્વિક લક્ષ્યોનો સમાવેશ થાય છે. ગોલ ૪ નો હેતુ “સમાવેશી અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવાનો અને તમામ માટે આજીવન શીખવાની તકોને પ્રોત્સાહન આપવાનો” છે, જેમાં શૈક્ષણિક સુવિધાઓને બાળકો, દિવ્યાંગો અને જેન્ડર પ્રત્યે સંવેદનશીલ બનાવવી તેમજ તમામ માટે સુરક્ષિત અને અસરકારક શિક્ષણનું વાતાવરણ પૂરું પાડવાના લક્ષ્યો સામેલ છે. આમાં તમામ શાળાઓને વીજળી, કોમ્પ્યુટર, ઇન્ટરનેટ, દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સાનુકૂળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સામગ્રી તેમજ પ્રાથમિક પાણી અને સ્વચ્છતા સેવાઓ પૂરી પાડવાનો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવાયું છે કે, પ્રગતિ છતાં, ૨૦૨૫માં ૨૪૪ મિલિયન બાળકો પાસે તેમની શાળામાં સ્વચ્છતાની કોઈ સેવા નહોતી. અહેવાલ મુજબ, આમાંથી ભારતમાં ૫૦ મિલિયન, નાઇજીરિયામાં ૩૪ મિલિયન, ઇથોપિયામાં ૨૬ મિલિયન, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં ૧૧ મિલિયન અને ઇન્ડોનેશિયામાં ૮ મિલિયન બાળકો હતા બાળકો માટે ‘મૂળભૂત પીવાના પાણીની સેવા’ હોય. ‘મૂળભૂત સેનિટેશન સગવડ’ એટલે કે શાળાઓમાં છોકરાઓ અને છોકરીઓ માટે અલગ અને વાપરી શકાય તેવી સુધારેલી શૌચાલય સુવિધાઓ હોય, અને ‘મૂળભૂત હાઇજીન સેવા’ એટલે કે સર્વેક્ષણ સમયે શાળાઓમાં સાબુ અને પાણી સાથે હાથ ધોવાની સુવિધા ઉપલબ્ધ હોય તે જરૂરી માનવામાં આવ્યું છે પરંતુ ભારતમાં લગભગ ૨૦ મિલિયન બાળકો પાસે શાળાઓમાં હાઇજીનની સેવા નહોતી.

ગ્રામીણ અને શહેરી વિસ્તારોની મોટી સંખ્યામાં જાહેર શાળાઓ તૂટેલા અથવા બિન-ઉપયોગી શૌચાલયો, લીક થતી છતો, જર્જરિત કમ્પાઉન્ડ વોલ અને પીવાના સ્વચ્છ પાણી કે રમતગમતના મેદાનોના અભાવથી પીડાય છે. આંકડા દર્શાવે છે કે ૪૦% થી વધુ શાળાઓમાં દિવ્યાંગો માટે યોગ્ય રેમ્પ કે હેન્ડરેલ (ટેકા માટેના કઠેડા) નથી, અને મોટા ટકાવારી ક્ષેત્રમાં કાર્યરત ઇન્ટરનેટ કે કોમ્પ્યુટર સુવિધાનો અભાવ છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોની શાળાઓમાં શિક્ષકોની ગેરહાજરીનું પ્રમાણ ઊંચું રહે છે, જેમાં ગ્રામીણ માધ્યમિક શિક્ષકો દર આઠ દિવસે આશરે એક દિવસ ગેરહાજર રહે છે, અને પ્રાથમિક શાળાના કેટલાક અભ્યાસોમાં આ પ્રમાણ ૨૫% સુધી પહોંચી જાય છે. વધુમાં, શિક્ષકોને વારંવાર વસ્તી ગણતરી કે ચૂંટણી વહીવટ જેવી બિન-શૈક્ષણિક કામગીરીમાં રોકવામાં આવે છે, જેનાથી ભણાવવાનો સમય ઘટે છે. હાલમાં કોકરોચ જનતા પાર્ટીએ શાળાઓની સુધારણા માટેનું એક અભિયાન શરૂ કર્યું છે જેમાં તેના કાર્યકરો વિવિધ શાળાઓની મુલાકાતે જાય છે અને તેની સ્થિતિનું મૂલ્યાંકન કરે છે. આ કાર્યક્રમને લીધે અનેક વિવાદો અને સંઘર્ષો પણ ઉભા થયા છે પરંતુ તેમાં શાળાઓમાં, વિશેષ કરીને સરકારી અને તેમાં પણ ગ્રામ્ય વિસ્તારોની શાળાઓમાં બાળકો કેવી નબળી સ્થિતિમાં અભ્યાસ કરે છે તે મુખર રીતે બહાર આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી સરકારનો અભિગમ ખાનગી શાળાઓને વધુ ઉત્તેજન આપવાનો હોય તેવું જણાય છે, દેશના અનેક ભાગોમાં મોટા પાયે સરકારી શાળાઓ બંધ થઇ ગઇ છે, પરંતુ આનાથી ગરીબ, વંચિત વર્ગના શિક્ષણના અધિકાર પર તરાપ પડે છે. સરકારી શાળાઓ બંધ કરી દેવી એ કોઇ ઉપાય નથી, તેના બદલે આ શાળાઓને વધુ સુસજ્જ બનાવવાની જરૂર છે. ભારત તેના જીડીપીના ૪ ટકા જેટલી જ રકમ શિક્ષણ પાછળ ખર્ચે છે, જ્યારે હાલના સંજોગોમાં આદર્શ રીતે તે ૬ ટકા રકમ શિક્ષણ પાછળ ખર્ચે તે જરૂરી છે એમ ખુદ સરકારી અહેવાલ જણાવે છે. દેશના તમામ વર્ગોને સારું અને સુવિધાયુક્ત સ્થિતિમાં શિક્ષણ મળી રહે તે માટે આપણે હજી ઘણું કરવાનું બાકી છે.

# આજથી ૧૦૦ વર્ષ પહેલાં મુકાયેલ નૂતન બાળ વિકાસનો દૃષ્ટિકોણ આજે પણ સાર્થક છે

## અવારનવાર

**ડો.નાનક ભટ્ટ**

અંગ્રેજી હકૂમત સમયે મેડમ મોન્ટેસોરી નામે એક વિદેશી મહિલા ભારતમાં આવ્યાં અને તેમણે બાળઉછેરની પદ્ધતિ સંબંધે નવો અભિગમ આપ્યો. “સોટી વાગે સમ... સમ... ને વિદ્યા આવે રમ... જમ....”તેવા બાળકના રેઢાં ઉછેરની આપણી જાડી સમજણને સ્થાને મેડમ મોન્ટેસોરીએ બાળકનાં વર્તન ઉપર અસર કરતાં મનોવલણની વાત કરી. એટલું જ નહીં પણ બાળકનાં વર્તનમાંથી દેશનો ભવિષ્યકાળ સર્જાય છે તેવો દિશાનિર્દેશ આપી ભારતીય સમાજરચનામાં બાળકનાં મહત્ત્વને પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કર્યો. મેડમ મોન્ટેસોરીના બાળઉછેર અંગેના વિચારોને દેશમાં કોઈ સમજી સ્વીકારે કે ન સ્વીકારે પરંતુ બુનિયાદી શિક્ષણના વિચારે રંગાયેલા દક્ષિણામૂર્તિ વિદ્યાશાખાના કાર્યકર ગિજુભાઈ બધેકાએ ‘નૂતન બાળશિક્ષણ’ તરીકે આ વાતને પકડી.

વૈશ્વિક પરિવર્તનની વચ્ચે પણ બાળક અપરિવર્તનશીલ હોય છે તેવી સૂત્રાત્મક વાત ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે કહી છે. આમ છતાં વર્ષ ૧૯૨૬ એટલે કે આજથી ૧૦૦ વર્ષ પહેલાં ગિજુભાઈએ નૂતન બાળશિક્ષણ સંઘનો ધ્વજ લહેરાવ્યો. ‘મુછાળી મા’-ના હુલામણા નામથી પ્રચલિત ગિજુભાઈને મન શિક્ષણ અને વાલીઓનાં મૂલ્ય આધારિત વર્તનથી જ નવાં બાળકના નિર્માણની આશા ઉજાગર રહેલી. ગિજુભાઈએ દક્ષિણામૂર્તિ બાળમંદિરને એક પ્રયોગશાળા તરીકે સ્થાપી અને બાળકના વર્તનને વૈજ્ઞાનિકતાથી તપાસતાં રહી બાળશિક્ષણ સંબંધે ૨૦૦ પુસ્તકોમાં માતબર ચિંતન રેડ્યું છે, જે આજે પણ મનનીય છે.

મનુષ્યના પરસ્પરના વર્તન વ્યવહારથી બાળકના મનમાં ઉતારવામાં આવેલ સારાનરસાના ભેદને આધારે બાળક પોતે પોતાના વર્તનને ગુણાત્મક રીતે નક્કી કરતો થાય છે, એટલું જ નહીં પણ સમયાંતરે બાળક પોતાના વર્તનમાં દૃઢ થતાં તે વર્તન સાથે વ્યક્તિગત ગમાઅણગમાને જોડી પરિવર્તનની ભૂમિકામાં પ્રવેશે છે. આ અવસ્થાઓ દરમ્યાન બાળક શારીરિક વિકાસ સાધે છે.

આથી તેની લાગણી સાથે વર્તન પ્રત્યેની રસરુચિ પણ વધુ સ્પષ્ટ થતી જાય છે. આ બાબત ગિજુભાઈએ તેમની બાળપ્રયોગશાળામાં જોઈ અને નૂતન બાળકના ઘડતર માટે શિક્ષક, વાલી અને સમાજનું કેવું વર્તન હોવું જોઈએ તે સંબંધે એક્શન-રીએક્શન પ્રકારે સંબંધો પણ તારવવા પ્રયત્ન કર્યો છે જે આજે બાળશિક્ષણના વિચારની ઈમારતોનો પાયો બની રહ્યું છે. માણસના વર્તનને ગમા-અણગમાથી સમજવા અથવા તો સામાજિક મૂલ્ય આધારે તુલના કરી બાળ મનોવિજ્ઞાનની સમજ તૈયાર કરવામાં આવી છે. વર્તનને તપાસવાની આ પદ્ધતિ પશુ-પક્ષીઓની વૃત્તિઓને તુલનાત્મક રીતે તપાસવામાં પણ કારગર નીવડી છે. પરંતુ હવે વિજ્ઞાન, ટેક્નોલૉજી અને વિશેષ કૉમ્પ્યુટર આવિષ્કાર સાથે માણસનાં મસ્તિષ્ક અને યાદદાસ્તરૂપે વર્તનની છાપ જ્યાં સંગ્રહિત છે, તે વિશે વિચારણાનું ફલક ખૂલ્યું છે. આથી કરી મસ્તિષ્કમાં જે રીતે માહિતીનું ન્યુરોન્સરૂપે સંકલન થાય છે, તે બાબતનો અભ્યાસ રસપ્રદ બન્યો છે. ૨૧મી સદીના પ્રારંભે સ્પષ્ટ થતાં જતાં મસ્તિષ્ક વિજ્ઞાને મનુષ્યના વર્તનની પાછળ રહેલ મનોભાવને પણ બાહ્ય અથવા સ્થૂળ ગણ્યાં છે અને ન્યુરોસાયન્સના મતે તો મનોભાવને ઘડનાર તત્ત્વ મસ્તિષ્કની જૈવિક રચના અને સંરચનામાં ચલિત રહેતી સંવેદનાઓની ગતિ અને તેની તીવ્રતા છે. ૨૧મી સદીનું વિરાટ વિજ્ઞાન અવકાશયાનની પાંખો સૂર્યમંડળ વધીને આગળ જવા તૈયાર બેઠું છે. તેમ જીનેટિસ્ટ વિજ્ઞાન અત્યંત સૂક્ષ્માતિસૂક્ષ્મ રીતે માણસનાં મસ્તિષ્કની સંરચનામાં મૂળભૂત ફેરફારો યોજી મેન્ટલ ડિસઑર્ડર્સ રિપેર કરવા પડકાર ઝીલવા તત્પર બન્યું છે. ત્યારે નૂતન બાળકની કલ્પનાનો આધાર ભવિષ્યના સ્વસ્થ સમાજના વિકાસનો વિચાર બને છે. વર્તનઘડતર પાછળ માત્ર મૂલ્યો કે અનુકૂલનની અસર પૂરતી નથી તેમ આપણી જાણમાં આવતું જાય છે ત્યારે હવે નૂતન બાળશિક્ષણને સ્થાને નૂતન બાળવિકાસનો હેતુ સાધ્ય કરવો અનિવાર્ય બને છે.

> બાળકનાં પ્રથમ પાંચ વર્ષનો વિકાસ આઘાતમાંથી બહાર આવવા કેન્દ્રિત રહે છે, જે બાબતનો મનોવિજ્ઞાને સ્વીકાર કર્યો છે

આજથી ૧૦૦ વર્ષ પહેલાં શહેરીકરણ ઉપદ્રવરૂપે નહોતું. ગુજરાતના કવિ અને સુધારક નર્મદના સમયનું સુસ્ત મુંબઈ તથા આજનું મુંબઈ જાણે આસમાન જમીનનો ફરક લઈ બેઠું છે, આજે તો દિલ્હીનું બાળક સવારે ૫-૩૦ વાગ્યે ઊઠે છે, ૬-૧૫ એ તેની બસ લેવા આવે છે અને બપોરે ૩ વાગ્યે બાળક ઘરે આવે છે. આવી હાલત વોશિંગ્ટન ડી.સી.ના બાળકની પણ છે.

નૂતન બાળશિક્ષણ, વિભાગના મૂલ્ય આધારિત હતું. પણ હવે આધાર સ્વયં પોતાના સ્થાનથી ખસી ગયો છે તે જોઈ શકાય છે ત્યારે નૂતન બાળકના ઘડતરનો વિચાર પુનઃવિચારણા માંગે છે. માતાના ઉદરમાં નવ માસ વિતાવ્યા પછી બહારના વિશ્વ સાથે સંપર્કમાં આવતાં બાળકનું ચેતાતંત્ર બાહ્ય અવાજો, ઉષ્ણતામાન તફાવતો, વિવિધ પ્રકારની ગંધ તેમજ વીજચુંબકીય પ્રવાહોના આઘાત સહતાં ટેવાય તે દરમ્યાન અસલામતી અનુભવે છે. પોતાના શરીરના પોષણ માટે તેણે હવે સ્વતંત્ર રીતે પ્રયાસ કરવાનો છે. જે અનુભવમાંથી પણ પસાર થાય છે.

બાળકનાં પ્રથમ પાંચ વર્ષનો વિકાસ આઘાતમાંથી બહાર આવવા કેન્દ્રિત રહે છે, જે બાબતનો મનોવિજ્ઞાને સ્વીકાર કર્યો છે. વિકસતા શરીરવિજ્ઞાન અંગેની માહિતીને આધારે હવે સમજાય છે કે કિશોર અવસ્થા વટાવતા યુવકમાં પાંગરતી પ્રેમની પ્રક્રિયા વિશેષતઃ રાસાયણિક પ્રક્રિયા જ છે. તેમ ૦ થી ૧૪ વર્ષના બાળકવિકાસનો મૂળ આધાર જૈવિક રાસાયણિક બને છે.

મેડમ મોન્ટેસોરી જેનો નૂતન બાળ વિકાસના મહત્ત્વના એકમ તરીકે સ્વીકાર થવો ઘટે અને ગિજુભાઈ દ્વારા આજથી ૧૦૦ વર્ષ પહેલાં મુકાયેલ બાળઉછેરનો વિચાર જ્ઞાનની આપલે આસપાસ ઘૂંટાય છે. પરંતુ જીવવિજ્ઞાન દ્વારા જાણી શકાય છે કે બાળક જેટલું વાર્તાનિક છે તેનાથી અનેકગણું વધારે શારીરિક છે, રાસાયણિક છે અને આથી જ એકવીસમી સદીના બાળકના ઉછેર અથવા તો આવતી કાલ માટેના સ્વસ્થ સમાજ માટે આજના બાળકના ઘડતરનો પાયો આરોગ્યની વાતથી જ શરૂ કરવો રહ્યો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## હજુ થોડું બાકી છે



### ચાર્જિંગ પોઈન્ટ

**હેતા ભૂષણ**

એક નાનકડા ગામમાં, એક વૃદ્ધ કુંભાર ગોવિંદ રહેતો હતો. ગામમાં એની માટીકામની કલા માટે બહુ નામના હતી. લોકો કહેતા કે ગોવિંદના હાથમાં જાદુ છે. એ જે વાસણ બનાવે, એમાં એક અલગ જ સુંદરતા હોય.

એક ૨૦ વર્ષનો યુવાન અર્જુન વૃદ્ધ કુંભાર ગોવિંદ પાસે આ કામ શીખવા આવ્યો. તે ખૂબ મહેનતુ હતો. શરૂઆતના મહિનાઓમાં એણે ચાકડો ફેરવવાનું, માટી ગૂંદવાનું શીખ્યું. થોડા સમય પછી એ સરસ મજાના કૂંજા, દીવા અને વાસણો બનાવવા લાગ્યો. ગામલોકો પણ એની પ્રશંસા કરવા લાગ્યા.

પણ વૃદ્ધ ગોવિંદનું વર્તન વિચિત્ર હતું. અર્જુન જે પણ વાસણ બનાવે, ગોવિંદ એને ધ્યાનથી જુએ, હાથમાં ફેરવે અને પછી કંઈ બોલ્યા વિના ચૂપચાપ એને જમીન પર પટકીને તોડી નાખે.

શરૂઆતમાં અર્જુને વિચાર્યું કે કદાચ વાસણોમાં ખરેખર કોઈ ખામી હશે. તેણે વધુ મહેનત અને ચીવટથી કામ કરવાનું ચાલુ રાખ્યું છતાં દરેક વાસણ, ભલે ગમે તેટલું સુંદર હોય, વૃદ્ધ કુંભાર તેને તોડી જ નાખતા અને કંઈ ન કહેતા.

ઘણા મહિનાઓ સુધી પોતાની બધી મહેનત ટુકડા ટુકડા થતી જોઇને અર્જુનની ધીરજ ખૂટવા લાગી. એણે અઠવાડિયાની મહેનતથી એક અતિ સુંદર ફૂલદાની બનાવી. ગોવિંદે એને પણ તોડી નાખી,ત્યારે અર્જુનનો ગુસ્સો ફાટી નીકળ્યો.

એ ચીસ પાડી ઊઠ્યો, ‘ગુરુજી! મારાં બનાવેલાં વાસણ તમે દર વખતે તોડી નાખો છો! શું તમને મારી મહેનતની કોઈ કિંમત નથી? શું તમે ફક્ત મને હેરાન કરવા માંગો છો?”

ગોવિંદ કુંભારે હળવું સ્મિત કરીને કહ્યું, ‘ તારાં બનાવેલાં વાસણોમાં કોઈ તકનીકી ખામી નહોતી. તારા હાથ હવે નિપુણ થઈ ગયા છે. પણ હું વાસણ નહોતો તોડતો, અર્જુન, હું તારી અંદરની એક વસ્તુ તોડી રહ્યો હતો, જેને ‘સંતોષ’ કહે છે. જે દિવસે તું કોઈ વાસણ બનાવીને કહીશ, ‘બસ, આ સંપૂર્ણ છે, હવે મારે વધુ શીખવાની જરૂર નથી’ એ જ દિવસે તારી કલાની પ્રગતિ અટકી જશે.’

અર્જુન ચૂપ થઈ ગયો. ગોવિંદે આગળ કહ્યું, ‘જો હું તારાં વાસણો રાખવા દેત, તેના વખાણ કરત તો તું એને વેચીને, વખાણ સાંભળીને, ત્યાં જ અટકી જાત. તું ‘સારો’ કુંભાર બની જાત. પણ મારે તને ‘મહાન’ કુંભાર બનાવવો છે અને મહાનતા તરફનો રસ્તો ક્યારેય ‘હું પહોંચી ગયો’ કહેવાથી નથી મળતો – એ રસ્તો સતત ‘હજુ થોડું બાકી છે’ કહેવાથી મળે છે.’

એ દિવસ પછી અર્જુનનો દૃષ્ટિકોણ સંપૂર્ણપણે બદલાઈ ગયો. એણે વાસણોને પોતાની ઓળખ સાથે જોડવાનું બંધ કર્યું અને દરેક નવા પ્રયત્નને એક નવી શરૂઆત તરીકે જોવા લાગ્યો. વર્ષો પછી, અર્જુન પોતે એક પ્રખ્યાત કુંભાર બન્યો અને જ્યારે એના શિષ્યો પૂછતા કે સફળતાનું રહસ્ય શું છે, ત્યારે એ હંમેશાં કહેતોઃ ‘તમારા શ્રેષ્ઠ કામને પણ ક્યારેય અંતિમ ન સમજો.’

# શું ચૂંટણી પંચ પોતાની જ મુશ્કેલીમાં ફસાઈ ગયું છે?

## ફિંગર પ્રિન્ટ

**શેખર ઐયર**

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર એક મોટા વિવાદના કેન્દ્રમાં આવી ગયા છે. હકીકતમાં આ ભારતના ચૂંટણી પંચના ઈતિહાસનો અત્યાર સુધીનો સૌથી મોટો વિવાદ છે. આ ખુલાસા પછી સામે આવ્યું છે કે, બે ચૂંટણી કમિશનરો - સુખબીર સિંહ સંધુ અને વિવેક જોષીએ - મુખ્ય ચૂંટણી કમિશનરના અમુક નિર્ણયોનો વિરોધ કર્યો હતો, ખાસ કરીને મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન સાથે સંબંધિત નિર્ણયોનો. વિપક્ષી પાર્ટીઓ જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ કરી રહી છે. કેટલાક પક્ષોએ તો તેમની ધરપકડ કરવાની અને છેલ્લાં કેટલાંક વર્ષોમાં યોજાયેલી ચૂંટણીઓ રદ કરીને ફરીથી યોજવાની માંગ પણ કરી છે. તેમણે તેમના કાર્યકાળ દરમિયાન પંચના નિર્ણયોની સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ તેમ જ એસઆઈઆર પર રોક લગાવવાની માંગ પણ કરી છે.

છેલ્લા કેટલાક મહિનામાં ચૂંટણી પંચ કેવી રીતે કામ કરી રહ્યું છે અને તેણે જે નિર્ણયો લીધા છે તેને લઈને અસંતોષ હવે પૂરજોશમાં વિવાદનું રૂપ ધારણ કરી ચૂક્યો છે.

ચૂંટણી પંચની કટોકટી માટે જ્ઞાનેશકુમારને જવાબદાર ઠેરવવામાં આવી રહ્યા છે. તાજેતરનો વિવાદ એક તપાસ અહેવાલ બાદ શરૂ થયો છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે સંધુ અને જોષીએ છેલ્લા 10 મહિનામાં ઓછામાં ઓછી 14 વખત પોતાની અસહમતિ લેખિતમાં નોંધાવી હતી.

આ મુદ્દાઓમાં નવા મતદારો દ્વારા ભરવામાં આવતાં ફોર્મ 6માં ફેરફારો; મતદાર યાદી સંચાલનનું કેન્દ્રીકરણ અને પશ્ચિમ બંગાળમાં ડિલીટ કરાયેલાં મતદારોની પુનઃસ્થાપના સામે ઈસીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલોનો સમાવેશ થાય છે.

વિપક્ષ જ્ઞાનેશકુમારને સ્વતંત્ર અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવાની ઈસીઆઈની બંધારણીય જવાબદારીના મુખ્ય રક્ષક તરીકે પોતાની ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલા લીડર તરીકે રજૂ કરી રહ્યો છે. તેમના ટીકાકારોના મતે, પંચની વિશ્વસનીયતાને જે નુકસાન થયું છે તેના માટે મુખ્ય રૂપે તે જ જવાબદાર છે. બીજી બાજુ, શાસક પક્ષ ભાજપે ઈસીઆઈ અને એસઆઈઆરનો પૂરજોશ બચાવ કર્યો છે અને વિરોધ પક્ષો દ્વારા લગાવવામાં આવેલા આરોપોનો સામનો કર્યો છે. એસઆઈઆર પર પંચના નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હતા. ભાજપના નેતાઓએ તર્ક આપ્યો છે કે, આ પ્રક્રિયા કાયદેસર હતી અને સુપ્રીમ કોર્ટે આ કવાયતમાં પંચની સત્તાઓને સમર્થન આપ્યું છે.

જ્ઞાનેશકુમારના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકેના કાર્યકાળની શરૂઆતથી જ વિરોધ પક્ષો સાથેના સંબંધો સારા રહ્યા નથી. તેમાં કોઈ શંકા નથી કે, ઈસીઆઈ અને ભાજપ વિરોધી મોરચા વચ્ચે વિશ્વાસની કમીના કારણે તેઓ હુમલાઓનો ભોગ બન્યા છે.

> છેલ્લા કેટલાક મહિનામાં ચૂંટણી પંચ કેવી રીતે કામ કરી રહ્યું છે અને તેણે જે નિર્ણયો લીધા છે તેને લઈને અસંતોષ હવે પૂરજોશમાં વિવાદનું રૂપ ધારણ કરી ચૂક્યો છે

છેલ્લા કેટલાક મહિનામાં ચૂંટણી પંચને ભાજપવિરોધી પક્ષો તરફથી અસંખ્ય ઘર્ષણોનો સામનો કરવો પડ્યો છે. આ પક્ષોએ ખાસ કરીને જ્ઞાનેશકુમાર પર પક્ષપાતી વલણ રાખવાનો આરોપ લગાવ્યો છે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, જે મતદારોને વિસંગતતાઓની નોટિસ મળી છે તેમને ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઑફિસર સમક્ષ હાજર રહેવાની જરૂર રહેશે નહીં, પરંતુ બૂથ લેવલ ઑફિસર ઈસીઆઈનેટ પર અપલોડ કરવા માટે દસ્તાવેજો એકત્રિત કરવા તેમની મુલાકાત લેશે. ભારતના ઈતિહાસમાં જ્ઞાનેશકુમાર પ્રથમ એવા મુખ્ય ચૂંટણી કમિશનર છે જેમની સામે મહાભિયોગની નોટિસ લાવવામાં આવી છે. વિરોધ પક્ષોએ 12 માર્ચ, 2026ના રોજ સંસદનાં બંને ગૃહોમાં તેમની સામે આ નોટિસ રજૂ કરી હતી. આ નોટિસમાં જ્ઞાનેશકુમાર પર કથિત પક્ષપાતી અને ભેદભાવપૂર્ણ આચરણ, એસઆઈઆર દ્વારા મોટા પાયે મતાધિકાર છીનવા, સાબિત થયેલ ગેરવર્તણૂક, ચૂંટણી પંચમાં જનતાનો વિશ્વાસ નબળો પાડવા, એક પક્ષની તરફેણમાં બંધારણીય કાર્યોના પક્ષપાતી પ્રયોગ અને ચૂંટણીની છેતરપિંડીની ફરિયાદોની તપાસમાં જાણી જોઈને અવરોધ ઊભો કરવાના આરોપો લગાવવામાં આવ્યા હતા. બંને ગૃહોના પીઠાસીન અધિકારીઓએ આ નોટિસ ફગાવી દીધી હતી. 24 એપ્રિલ, 2026ના રોજ વિપક્ષે ફરીથી જ્ઞાનેશકુમાર સામે મહાભિયોગની નોટિસ લાવીને તેને રાજ્યસભાના સેક્રેટરી જનરલને સોંપી. આ નોટિસ હજી પણ પેન્ડિંગ છે. નવ આરોપોમાં આચારસંહિતા લાગુ કરવામાં પક્ષપાતી અભિગમ, સાબિત થયેલ ગેરવર્તણૂક, ચૂંટણી પંચના અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ પર માન્ય રાજકીય પક્ષની જાહેરમાં ટીકા અને એસઆઈઆર દ્વારા મતદારોના મતાધિકાર છીનવી લેવાનો સમાવેશ થાય છે.

હવે, વિપક્ષ એસઆઈઆર દરમિયાન થયેલી ગેરરીતિઓના નવા આક્ષેપો સાથે કુમાર સામે વધુ એક મહાભિયોગ નોટિસ લાવવાનું આયોજન કરી રહ્યો છે.

17 ઓગસ્ટ, 2025ના રોજ રાહુલ ગાંધીના ‘મત ચોરી’ અથવા મતદાર યાદીની મોટા પાયે હેરાફેરીના આક્ષેપોની પૃષ્ઠભૂમિમાં જ્ઞાનેશકુમારે એક અભૂતપૂર્વ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. મુખ્ય ચૂંટણી કમિશનરે રાહુલ ગાંધીના આક્ષેપોનો જવાબ આપતાં માંગ કરી હતી કે, તેઓ કાં તો માફી માંગે અથવા દાવાઓને સમર્થન આપતું સહી કરેલું એફિડેવિટ રજૂ કરે. વિપક્ષ દ્વારા ટાંકવામાં આવેલું અન્ય એક ઉદાહરણ પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણી પહેલાં 8 એપ્રિલ, 2026 ના રોજ તૃણમૂલ કોંગ્રેસના પ્રતિનિધિમંડળ સાથે જ્ઞાનેશકુમારનું કથિત અયોગ્ય વર્તન હતું. તાજેતરનો વિવાદ એવા સમયે આવ્યો છે જ્યારે એસઆઈઆરનો ત્રીજો તબક્કો ચાલી રહ્યો છે અને મતદાર યાદીઓ અને ડ્રાફ્ટ રોલ્સમાંથી 13 કરોડથી વધુ નામો હટાવી દેવામાં આવ્યાં છે. એસઆઈઆરની ટીકા થઈ છે અને નાગરિકોના મતદાનના અધિકાર પર અસર કરે છે. ટીકાકારોનું કહેવું છે કે, તેમાં તેમની યોગ્યતા સાબિત કરવાની જવાબદારી મતદારો પર લાદવામાં આવી છે. તેની અસરો વિશે, ખાસ કરીને નાગરિકત્વના પ્રશ્ન પર ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર (નિમણૂક, સેવાઓની શરતો અને કાર્યકાળ) અધિનિયમ, 2023 હેઠળ મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે તેમની આ પ્રથમ નિમણૂક હતી. આ કાયદા મુજબ રચાયેલી મોદી, શાહ અને ગાંધીની બનેલી ત્રણ સભ્યોની સમિતિએ જ્ઞાનેશકુમારના નામને અંતિમ રૂપ આપવા માટે 17 ફેબ્રુઆરી, 2025ના રોજ બેઠક યોજી હતી. આ કાયદામાંથી ભારતના મુખ્ય ન્યાયાધીશને પેનલમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા.

23 સપ્ટેમ્બર, 2026ના રોજ સુપ્રીમ કોર્ટની બે જજની બેન્ચે મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક અંગેના 2023ના અધિનિયમને પડકારતી અરજીઓને ભારતના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ મોકલી આપી હતી. બંને જજો કેસના ગુણદોષ પર અસહમત હતા, પરંતુ તેઓ સહમત થયા હતા કે મામલો યોગ્ય મોટી બેન્ચની રચના માટે સીજેઆઈ સમક્ષ જવો જોઈએ.

મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોએ તમામ પ્રશ્નોના જવાબો આપવા જ પડશે અને લોકશાહીના હિતમાં આ વિવાદો પર પૂર્ણવિરામ મૂકવું જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## મનોરંજન કે સમયનો વ્યય?

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા આપણા જીવનનો મહત્વનો ભાગ બની ગયું છે. ખાસ કરીને યુવાનોમાં રીલ્સ જોવાનો ક્રેઝ ઝડપથી વધી રહ્યો છે. થોડા સેકન્ડની મજેદાર, માહિતીપ્રદ કે રસપ્રદ રીલ જોવામાં કોઈ વાંધો નથી, પરંતુ એક રીલ પછી બીજી અને પછી ત્રીજી એમ સમય ક્યારે પસાર થઈ જાય છે તેની ખબર જ પડતી નથી. રીલ્સ મનોરંજનનું સરળ અને ઝડપી માધ્યમ છે. તેમાં હાસ્ય, સંગીત, પ્રવાસ, રસોઈ, શિક્ષણ અને વિવિધ ઉપયોગી માહિતી પણ જોવા મળે છે. ઘણી વખત નવી બાબતો શીખવા માટે પણ રીલ્સ મદદરૂપ બને છે. પરંતુ સમસ્યા ત્યારે ઊભી થાય છે જ્યારે મનોરંજનની આ ટેવ જરૂરિયાત કરતાં વધારે સમય ખાઈ જાય. વિદ્યાર્થીઓ અભ્યાસ દરમિયાન, કર્મચારીઓ કામના સમયે અને પરિવાર સાથે બેઠા હોય ત્યારે પણ મોબાઈલમાં રીલ્સ જોતા જોવા મળે છે. સતત સ્ક્રીન સામે રહેવાની ટેવથી વાંચન, કસરત, ઊંઘ અને પરિવાર સાથે વિતાવવાનો સમય પણ ઘટી શકે છે. તેથી રીલ્સ ખરાબ છે એવું નથી, પરંતુ તેનો ઉપયોગ કેટલો અને ક્યારે કરવો તે આપણા હાથમાં છે. મનોરંજન જીવનનો ભાગ છે, જીવનનો હેતુ નહીં. સમયની કિંમત સમજીને રીલ્સ જોવામાં આવે તો મનોરંજન આનંદ આપશે, નહીં તો સમયનો વ્યય જ સાબિત થશે.

**સુરત** — **જયા પટેલ**

## દેશની દશા કે દિશા બદલાઈ રહી છે?

દેશના સ્વ. નાયબ વડા પ્રધાન અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે રાજા રજવાડાંઓને એક કર્યાં અને તેમને આપવામાં આવતા સાલિયાના નાબૂદ કરવાની પહેલ કરી હતી. હાલના સંજોગોમા દેશ અનેક સમાજો ,સંપ્રદાયો, ધર્મ, જાતિ અને વાડાઓથી મુકત નથી. દરેક સમાજ પોતાની રીતે સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક પ્રવૃત્તિ કરે, સમાજભવનો ઊભાં કરે તે સારી બાબત છે. દેશ આઝાદ થયો એટલે બંધારણ અમલમાં આવવાથી દરેક સમાજના માનવ સરખા, કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. આપણે ત્યાં તો જાતિ અને તેમાં વળી પેટા જાતિ, પેટા જાતિમાં પણ અનેક ઉચ્ચ,નીચની વાડાબંધી. દેશ હિતમાં જ્યારે જોખમ આવી પડે ત્યારે દરેક એ એક થવાની જરૂર છે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે જે પ્રમાણે દેશી રાજ્યોનું વિલિનીકરણ કર્યું એ દેશના હિતમાં છે. દેશમાં પણ સમાજભવનો ઊભાં થયા કરે એના કરતાં સમગ્ર સમાજભવનો કોઈ પણ પ્રકારના વાડાબંધી કે ભેદભાવરહિત ઊભા કરવાની જરૂર છે. દેશનાં તમામ લોકોને લોકશાહીનો સાચો અહેસાસ થાય. બધા શાંતિપૂર્ણ રીતે જીવન વ્યતીત કરી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. દેશની દશા બદલાઈ રહી છે કે પછી દિશા?

**સુરત** — **ચન્દ્રકાન્ત રાણા**

## બારમાસી તકલીફો...

સુરત નગરપાલિકામાંથી મહાનગરપાલિકા અને હવે નજીકના સમયમાં મેટ્રોસિટી તરફ આગળ વધી રહેલા સુરતમાં ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે વિકટ બની રહી છે. સત્તાધારી પક્ષ અને સંબંધિત વિભાગો ટ્રાફિક નિયમોનું પાલન, જાહેર માર્ગો પરના દબાણો દૂર કરવા અને નાગરિકોને કાયદાનું પાલન કરાવવા સજાગ બનશે ખરાં? સેન્ટ્રલ ઝોનમાં ચોકબજાર ચાર રસ્તા આસપાસની સાંકડી શેરીઓ, ખાસ કરીને સોપારી ગલી અને વડાચૌટાના માર્કેટ વિસ્તારમાં બંને તરફથી ચારચક્રી વાહનોની અવરજવર મુશ્કેલ બની છે. ગુજરાત મિત્ર સર્કલ પાસે આર્ય સમાજ હોલના માર્ગ પર વારંવાર વરઘોડા નીકળતા હોવાથી ટ્રાફિકજામ સર્જાય છે. ડિમોલેશન બાદ ખુલ્લા થયેલા રસ્તાઓ પર પણ બંને તરફ વાહનો પાર્ક રહે છે, જેમાં કેટલાક વાહનો ધૂળ ખાતા જોવા મળે છે. ભાગળ, ચોક, ચૌટાપુલ, નવસારી બજાર, કોટસફિલ રોડ, સોની ફળિયાના પાણીની ભીંતના ત્રિભેટે, ખપાટિયા ચકલા અને અંબાજી રોડ જેવા વિસ્તારોમાં પણ બારેમાસ ટ્રાફિકજામ રહે છે. ખોટી રીતે પાર્કિંગ કરનારા, રિક્ષાચાલકો અને લારી-ગલ્લાવાળાઓ સામે કડક કાર્યવાહી જરૂરી છે. ખાણીપીણીની રેંકડી કે દુકાનને પરવાનો આપતા પહેલાં ગ્રાહકો માટે દુકાનમાલિક પોતાના ખર્ચે પાર્કિંગની વ્યવસ્થા કરશે તેવી લેખિત બાંયધરી લેવામાં આવે તો રસ્તાઓ પરનો બોજ ઘટી શકે અને રાહદારીઓને મોટી રાહત મળી શકે. આ સાથે નિયમિત પેટ્રોલિંગ અને સતત દેખરેખ રાખવામાં આવે તો ટ્રાફિક વ્યવસ્થામાં નોંધપાત્ર અને ચોક્કસ સુધારો આવી શકે.

**સુરત** — **પંકજ મહેતા**

## મતદારયાદી અંગે ઊઠેલા સવાલો

તાજેતરમાં ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના કામકાજ અંગે ચર્ચા થઈ રહી છે. ખાસ કરીને SIR (Special Intensive Revision) પ્રક્રિયા અને મતદાર યાદીમાંથી નામ કાઢવા કે ઉમેરવા અંગે અનેક સવાલો ઊઠી રહ્યા છે. અહેવાલો મુજબ ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશી દ્વારા પણ કેટલીક પ્રક્રિયાઓ અંગે વાંધા વ્યક્ત કરવામાં આવ્યા હોવાની વાત સામે આવી છે. આ બાબતે ચૂંટણી પંચે દેશની જનતા સમક્ષ સ્પષ્ટ માહિતી આપવી જરૂરી છે. મતદાર યાદીમાંથી કોઈ યોગ્ય નાગરિકનું નામ ભૂલથી દૂર ન થાય તે ખૂબ જ મહત્ત્વનું છે. કારણ કે મત આપવાનો અધિકાર લોકશાહીની સૌથી મહત્ત્વપૂર્ણ બાબતોમાંનો એક છે. આ સમગ્ર મામલે કોઈ વ્યક્તિ કે રાજકીય પક્ષને દોષિત ઠેરવવાનો હેતુ નથી. અમારી માત્ર એટલી માંગ છે કે ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક, નિષ્પક્ષ અને નિયમ મુજબ ચાલે અને લોકોના મનમાં કોઈ શંકા ન રહે.ચૂંટણી પંચ દેશની લોકશાહી વ્યવસ્થાની મહત્ત્વપૂર્ણ સંસ્થા છે. તેથી તેના દરેક નિર્ણયમાં લોકોનો વિશ્વાસ અને પારદર્શિતા જળવાઈ રહે તે જરૂરી છે. લોકશાહી ત્યારે જ મજબૂત બને છે, જ્યારે દરેક પાત્ર નાગરિકનો મત સુરક્ષિત રહે અને ચૂંટણી પ્રક્રિયા પર જનતાનો વિશ્વાસ જળવાઈ રહે.

**સુરત** — **આશિષ ટેલર**

## શ્રદ્ધાથી કરાય તે શ્રાદ્ધ

આપણે માણસને જીવતાં યાદ કરીએ છીએ, પણ મરી ગયા પછી પણ તેમને યાદ કરવાની એક સુંદર વિધિ હિન્દુ ધર્મે બનાવી છે, જેને શ્રાદ્ધ કહેવાય છે. ભાદરવા મહિનાના કૃષ્ણ પક્ષના પંદર દિવસોમાં વાતાવરણમાં પણ એક પ્રકારની ઉદાસી અનુભવાય છે. કહેવાય છે કે આ દિવસોમાં આપણા વડવાઓ આપણને મળવા આવે છે. શ્રાદ્ધમાં આપણે તેમની ભાવતી વાનગીઓ બનાવીએ છીએ, કાગડાને કોળિયો આપીએ છીએ, ગાયને ખવડાવીએ છીએ અને બ્રાહ્મણને જમાડીએ છીએ. પરંતુ ઊંડાણથી વિચારીએ તો આ બધું એક બહાનું છે. હકીકતમાં આ દિવસ આપણા વડવાઓને યાદ કરવાનો છે. જે દાદા ખભા પર બેસાડીને ફેરવતા હતા, જે દાદી વાર્તા કહીને સુવડાવતા હતા, જે પિતાએ પોતાના માટે કશું લીધા વિના આપણું ભવિષ્ય બનાવ્યું અને જે માતાએ અડધી રોટલી ખાઈને આપણને આખી ખવડાવી, એ સૌની યાદને તાજી કરવાનો દિવસ છે. શ્રાદ્ધ એટલે ઋણ સ્વીકાર. કાગડો કોળિયો લઈને ઊડે ત્યારે મનને સંતોષ થાય છે કે ભોજન પહોંચી ગયું. પહોંચે કે ન પહોંચે, પરંતુ આપનારનું મન હળવું થઈ જાય છે. એટલે શ્રાદ્ધ માત્ર એક ક્રિયા નથી, પરંતુ લાગણી અને સ્મૃતિને જીવંત રાખવાનો દિવસ છે.

**સુરત** — **રમેશ પટેલ**

## દુનિયાનો સૌથી મોટો રોગ કયો?

દુનિયામાં અનેક રોગો છે, કેન્સર છે, હૃદયરોગ છે, ડાયાબિટીસ છે, ચેપી રોગો છે. પરંતુ એક એવો રોગ પણ છે, જેની કોઈ દવા નથી અને છતાં તે ધીમે ધીમે આખા સમાજને અંદરથી ખોખલો કરી રહ્યો છે. એ રોગ છે, માનવતાનો અભાવ. સમાજની સાચી પ્રગતિ મોટી ઈમારતો, રસ્તાઓ કે સંપત્તિથી જ માપી શકાતી નથી. સમાજ કેટલો માનવીય છે તે ત્યારે ખબર પડે છે, જ્યારે કોઈ નબળો પડે ત્યારે તેને ઊભો કરવા કેટલા હાથ આગળ આવે છે. કારણ કે અંતે માણસ પોતાની સાથે શું લઈ જાય છે એ નહીં, પરંતુ પાછળ કેટલાં લોકોના જીવનમાં પ્રેમ, મદદ અને માનવતાની છાપ મૂકી જાય છે–એ જ સૌથી મોટી કમાણી છે. દુનિયાની સૌથી મોટી દવા કદાચ દવાની દુકાનમાં નહીં, પરંતુ આપણા હૃદયમાં છે–“માનવતા.”

**સુરત** — **-સંદીપ માંગુકિયા**